દેશ સેવા માટે ફુમી થતાં દેશભક્તો

લાલા લજપતરાય

અને

બાળગંગાધર તીલક

ની સુરત ખાતે પધરામણી

અને સુરત ખાતે મળેલી ૨૩ મી

નેશનલ કોંગ્રેસ.

રચનાર.

વૈદ્ય ધિરજરામ દલપતરામ

છપાવી પ્રસીદ્ધ કરનાર.

મંગળદાસ દુર્લભદાસ કાપડીઆ.

કીંમત અડધો આનો.

ધી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત.

દેશરત્ન લાલા લજપતરાય તથા સ્વદેશપ્રેમી બાળગંગાધર તીલકની સુરત શેહેરમાં થયેલી પધરામણીનું વર્ણન.

ગરબા ૧.

રાગ બુરાનપુરી.

[illegible] શેહેરનાં સૌ લોક, આપણુ જઇએ થોકા થોક;
આવે દેશી વિરો આજ, સોભા રૂડી દીસે.
શેહેર પુણામાંથી આવ્યા, રૂડા તિલક મન ભાવ્યા;
સાથે બીજાઓને લાવ્યા, નર રત્ન ઘણાં.
આવ્યા સુરત મોઝાર, એતો આજે પ્હેલીવાર;
કરે લોકો નમસ્કાર, જુએ ધારી ધારી.
એતો પુણે થકી આવ્યા, સુરતી લોકોને મન ભાવ્યા;
સીધા મુકામે સીધાવ્યા, લોકો સાથે ઘણાં.
લોકો જોવાને ત્યાં જાય, ભીડ ઉતારે બહુ થાય;
કોઇને કેતા નથી નાય, વાતો કરતા રૂડી.
કીધો વાડીમાં મુકામ, કરતાં વોલંટીયરો કામ;
ધીરજ રાખી હૈયે હામ, સૌનું કામ કરે.

ગરબો બીજો.

કામણ દીસે છે. અલબેલા તારી આંખમારે—એ રાગ

આવો અવસર સુરત શેહેરને ફરી ફરીને કયાં મળશે.

અવસર ક્યાં મળેરે, રત્નો ક્યાં મળરે.
આવો અવસર સુરત શેહેરને ફરી ફરીને ક્યાં મળેરે.
દેશ દેશથી લોક પધાર્યા, મુખડા જોવા કેવી તરેહરે.
લાલાજીનું મુખડું મલકે,
ઘોશ તણા શો ધીરજ ધમકે,
તીલક તણુ જો તેજ પ્રતાપી ક્યાં મળેરે.
આવો અવસર સુરત શેહેરને ફરી ફરી નહી મળેરે.
સર. મહેતાને તો માનજ અપાઇ ગયું રે
ગોખલે જો ગુણવંત ગણાય,
દીવાન બહાદુર સાથ સોહાય.
ખાપરડે પણ દેશ તણું જો, આજ પ્રકાશજ પામ્યું રે.
આવો અવસર સુરત શેહેરને ફરીફરી નહી મળેરે.

ગરબો ત્રીજો.

ગરબે રંમવાને ગોરી નીસર્યાંરે લોલ. (એ રાગ)
ગરવી ગોરી તે કોંગ્રેસ ભલીરે લોલ,
ભારથ ઉદ્ધારક એ ખરીરે લોલ.
એની પ્રીતી તે અંતર ધરોરે લોલ—(ટેક)

સાખી.

તારીખ છવીશને વળી, વાર ગુરૂ સુભ સાર;
એ દીવસે ઉઘડે ખરે, કોંગ્રેસ સુરત દ્વાર.

પુજન કરસે તે દેવી તાહરૂંરે લોલ,
રૂડા પુજારીઓ સુભ પેરથીરે લોલ.
શેહેર જુદે જુદે થકી આવીરે લોલ—ગરવી ગોરી.

સાખી.

લાલા લજપતરાયને, તિલક રૂડા ભડવિર;
સુરેંદ્ર સોહે સાથમાં, પીરોજ ખરપડ ધીર.
રૂડા ગોખલે પુજારી તાહરારે લોલ,
ચુનીલાલ ગાંધી પણ છે ખરારે લોલ.
પ્રાણુલાલ ઠાકોરરામ સાથમારે લોલ—ગરવી.

સાખી.

દેશાઈ ખંડુભાઈને, મોટાભાઈ પણ ખાસ;
બીજાઓ પણ બહુ ખરે, દેવી તારા દાસ.
ધન્ય ધન્ય તે સુરતશેહેરનેરે લોલ,
થયો સંપતે તુજ પ્રતાપથીરે લોલ.
તેવીસ વર્ષે તેં દર્શણ આપીયુરે લોલ—ગરવી.

સાખી.

કરતું સોહે હવે ખરી, પુરજે મનની આસ;
ધીરજ સંકટ કાપીને કરજે અંતર વાસ.

ગરબો ચોથો.

ઓધવજી સંદેશો કહેજો સ્યામને એ રાગ.
દેશી વિરજો લાલાજી તો આવિઆ,

લોક તણી ત્યાં ભીડ અતીસે થાયજો—દેશી વીર.
નામ થકી તો સઘળા લોકો જાણતા.
આજે તેતો મળશે આપા આપજો—દેશી વીર.
લોકતણી મેદનીઓ ઉભી રહી.
લાલાજીને નિરખવાને ખાસ જો—દેશી વિરજો.
આશાઓ લોકોની પુરીતો થશે.
જોઇ કરીને દેશરત્નનું મુખજો—દેશી વીરજો.
ધન્ય ધન્ય છે તે નરનું જીવ્યું ખરૂં,
દેશ તણું જે કરવા નીકળે કામજો. દેશી વીરજો.
તન, મન, ધનજે અર્પણ કરશે દેશને,
તેનું જીવતર ખરેખરૂં કેવાયજો—દેશી વીરજો.
દેશ તણું જે સારૂં ઇચ્છે સર્વદા,
ઈશ્વર સહાયે સાહ્ય તેને થાયજો.—દેશી વીરજો.
માટે ધીરજ લાલાજી સમ રાખવી,
કરવા રૂડું દેશ તણું તો હીતજો.—દેશી વીરજો.

ગરબો. પાંચમો.

સખી પડવેના પડીઆ પંથ (એ રાગ)
સખી પડવેની પડતી જોઇ, દેશ સકળમારે;
આવ્યા કોંગ્રેસ દેવી માત, આર્યાવૃતમારે.
સખી બીજે રોપ્યુ બીજ, સુરત સારૂંરે;

થયુ વૃક્ષ રૂડેરૂ આજ, ચીતમાં મારૂરે.
સખી ત્રીજે તે ત્રણે લોક, મળીયા સાથેરે;
કરવા દેશતણુતો કામ, લીધુ માથેરે.
સખી ચોથે તે ચારે દીશ, હરખ્યા લોકોરે;
હવે ટળી જસે સૌ દુઃખ, વધસે મોભોરે.
સખી પાંચેમ પુરણુ તીથ, મળીયા સાથેરે;
લાવ્યા મુબ્બાપુરની માંહી સું કહુ સાથેરે.
સખી છઠ્ઠે છબીલા જન, થયા છે સાથીરે;
કરી સંપ ઘુમે છે રોજ, લઇ કામ માથેરે.
સખી આઠેમ અક્કલ સાથ, અરજી કીધીરે;
આપો હક હમારા આજ, વાત છે સીધીરે.
સખી નોમે તે ત્રપવર નાથ, અરજી લીધીરે;
ખરી વાત તમારી આજ, મંજુર કીધીરે.
સખી દશેમ મલીયા દેવ, દર્શણુ દેવારે;
થયા જાણીતા સૌ જન, ગયા પરદેશ કેવારે.
એકાદશી ન સુધર્યા કાજ, રહ્યા ઉપવાસીરે;
થયા સઘલા ચીંતા વહુત, આવી શી ફાંસીરે.
સખી બારશ બોલાચાર, કરતા શીખ્યારે;
રાખી આશાને બહુ માટ, થોડું ન પરખ્યારે;
સખી તેરસના ત્રીશ ક્રોડ, લોકે જાણ્યુ રે;

આજી પ્રગટ થયાં ફ્રોગ્રેસ, મનથી બ્યાજુરે.
સખી ચાહશો ચાદે લોક, મદદજ કરશેરે;
ત્યારે થાસે રૂડેરૂ કામ, અર્થજ સરસેરે.
સખી પુનમતીથી પુર્ણ, પ્રકાસજ પામીરે;
રાખે શીરજ પુરણુ હેત, રહી નહી ખામીરે.

મંડપની સોભા.

આ શૃંગારી મ્હેલ બનાવ્યો, શોભા નોતમ કરી અપાર,
રાચ રચીલું રૂડું બનાવ્યું, ગાદી તકીઆનો પણ ભ્હાર,
પલંગ મ્હોટા જેના જેટા, મળશે નહિ દુનિયામાં માન;
અતિથ્યે આમંત્રણ કરીએ, આવો સુજ્ઞ અને ગુણવાન
આદરમાન કરીશું સારૂં, નહિ રે'શે ખાપણ કે ખોડ;
જુકિતથી ભોજન પણ કરશું, આપણ સર્વ જોડા જોડ;
વળતિ સભામહી વ્હેંચશું, તંબાકુને બીડાં પાન.

અતિથ્યે૦

પાથરણાં પાથરશું દ્વારે, સેવક જનતો કરશે સેવ;
મીઠા મેવા એવા વરશે, લલચાયે દેવ;
તો કોણુ ગણુતી માણુસનીછે, આવો યારો લેવા જ્ઞાન;

આતિથ્યે૦

ઝુમ્મર તખ્તાને ઘડીયાળો, વાળો મ્હેલ બન્યો સુખકાર;
રેશમ અને ગજીઆણી આચ્છારીત કરે છે કોચ અપાર;

ખુરશીની સંખ્યા નહિ મળતી, ટેબલ પણુ બે'ચે છે ધ્યાન;
આતિથ્યે૦
સૌખ્યજનક ગૃહ આજ બન્યું છે. શું કવિ આપી
શકે ચિતાર,
બળ લેખીની કેમ ધરેએ, પુર્ણ થયો તેનો અંવતાર!
જશવંતા મહિભાવંતાને, આવે લોક અતિ બળવાન;
આતિથ્યે૦
નીરખી સૂર અતિ લલચાતે, શોભા ખરી બની ભરપુર;
કુશળ કારીગર લોકોએ, પાતળે નાંખ્યાં છે મૂળ;
તુટે કે ફુટે નહિ એ ઘર, લુંટે નહિ લૂટારા જાણુ;
અતિથ્યે૦
જ્યાં નરનારી બહુ સુખકારી, આવી આવી કરે પ્રયત્ન;
દેશ તણા ઉદ્ધાર કારણે, મોટે પાયે ચાલે યત્ન;
એ પાયાને ખણુવા માટે, લાગ્યા છે જન કિર્તિમાન,
આતિથ્યે૦
એ કોંગ્રેસ તણું ગૃહ જાણો, પ્રાહુણા સૌ આવો વીર;
ધર્મ અર્થને કામ મોક્ષનું પ્રાપ્ત થશે ફળ, રાખો ધીર;
રત્નસિંહ આ વિનતિ ઉચરે, સ્વદેશનું રાખો અભિમાન;
આતિથ્યે૦

હરિગીત છંદ.

જે કષ્ટનો વન્હિ સદા પ્રજવિત દીસે છે હિંદમાં;

તે નષ્ટતાને પ્રાપ્ત થૈ લોકો વસો આ સાખ્યમાં;
વળી દુઃખનો ડુંગર હવે અદ્રશ્ય પાતાળે પડો;
આ દેશની કોંગ્રેસ વીજયીનીવડી કષ્ટો દળો.
જે અધમતાના અંકુર ફુટી અને બહુ દુઃખ છે;
તે મૂળમાંથી નષ્ટ થૈ જાયે તદા તો સુખ છે;
પણ કાપવા તે મૂળને તો શસ્ત્ર સારૂં કો મળો;
આ દેશની૦

વિદ્યા વધે તે સાથજો ઉદ્યોગ વૃદ્ધિ પામશે;
તો હિંદના આ તનુજ દુર્બળ ઠામ ઠામે જામશે;
આશા પિપાસા હિંદના હિતૈષીની આજે ફળો: આ૦
બહુ બુદ્ધિમાનો દેશમાં કિંતૂ અભાવે શ્રમ તણા;
નાના પ્રકારે કષ્ટ પામીને ફરે પૈસા વિના;
તે લોકને રળવા સદા ઉદ્યોગની કુંચી જડો;
આ દેશની૦

સ્વાતંત્ર્ય મળજો દેશીને બંધન બધાં તુટી જઇ;
વળી નોકરીને ચાકરીથી લોકની મુક્તિ થઈ;
ઇન્સાફ મળવા સાફ ભારતીયો તમે યત્નો કરો;
આ દેશની૦

ન્યાયે વળી ચાલે સદા અંગ્રેજના અધિકારીઓ;
માગો તમો તે રાજ પાસે આપશે સુકાનીઓ;
હે આર્ય પુત્રો આજ જાગો પામશો સારા ફળો;

ઉત્કૃષ્ટ રાજ્યાસનપરે ઉત્કૃષ્ટ રાજા છે ખરે;
જે આંગ્લભૂમીમાં વસીને રાજ્ય પૃથ્વીમાં કરે;
તે રાય પાસે ન્યાય માંગો શા થકી ઘરમાં લડો; ?
આ દેશની૦
હે ભારતી નરનાર બહુ આ વારજો કાર્યો થશે.
તો દૂખ સર્વે વપળના સપ્તાશમાં નાશી જશે;
હું આજ વિજ્ઞપ્તિ કરૂં વિરોધીઓ તેમાં ભળો; આ૦
આવી દશા શું હિંદની દેખી નહિ અશ્રુ ભરો?
હે આર્ય બાળો અદ્યપિ શા કારણે ધિરજ ધરો?
જો ચાર પાસે ઢોલ વાગે ધ્યાન દઈને સાંભળો; આ૦
આ મ્હાન મંડળ વીશ વર્ષોથી જુઓ ઉત્પન્ન થયું;
તે સમયમાં શું એમ ધારો કષ્ટ કાંઇ ના ગયું;
વિશ્વાસ સંપાદન કરી આવો અને કાઢો સડો; આ૦
બહુ બહુ બિરાજી મ્હાન વક્તા ભાષણો રૂડાં કર્યાં;
વક્તૃત્વ શક્તિથી વળી સૌ લોકનાં ચિતડાં હર્યાં;
કર માફ સરકારે કર્યાં કૈં કે વિચારો હે નરો; આ૦
જે દીન ઐક્ય વધી અને કોંગ્રેસમાં સૌ આવશે;
તે સમય હક લેવા બધા સૌ ભારતીઓ ફાવશે;
જ્યાં સંપ વાસો આપ કરશે જંપ ત્યાં રૈંશ ઘડો;
આ દેશની૦
કીડી મળે જો લક્ષ તો તે સર્પને ભક્ષી જશે.

નિર્બળ હજારો આદમી, શુરા વીરોને જીતશે;
હે હિંદ એવો સંપ સત્વર તુજ પુત્રોને મળો;
આ દેશની૦
નિર્બળ અજાને વ્યાઘ્ર આજે સંગતો વારી પીએ;
અંગ્રેજના શુભ અમલમાં તું શા થકી ખોટો બહીએ;
હીંદુ મુસલમાનો અને વળી પારસી સાથે હળો;
આ દેશની૦
જો યોગ્ય રૂપે રાવ આંગ્લા ભુમી મધેજ ધરાય છે—
કોંગ્રેસદ્વારે તો અભ્યુદય હીંદનો કં થાય છે;
માટે તમે સંગીન પાયે કાર્ય સારૂ આદરો;
આ દેશની૦
અજ્ઞાનને જ્ઞાતા કરો તો સહાય કરશે તે વળી,
સુધરેલ ગામડીઆ બધા તો આવશે સાથે મળી;
કોંગ્રેસ ગૌરવને વધારી કામ હામે બહુ ફરો—આ દેશની
અત્યંત રાજ્યદ્વારી કાર્યોમાં પ્રવીણ પ્રજા કરો.
તો સમુહ સંગ મળી નવીન કૃત્યો બહુ બહુ આદરો;
ને લાભ મળશે દેશ હિંદુસ્તાન વખણાશે ખરો—આ દે.
દીસે દશા જે રંક લોકોની ટળીને તે જશે.
તીલક તણા રે રાગરંગો ઘેરઘેર દીસશે;
આનંદકારી સૌખ્યકારી રોજ રોજ પડઘાઓ પડે—આ.
ગુલાલના દરરોજ ચોકા સર્વ જણ પુરતા થશે,

જય રંગદેવી દેશનીના ઘેરેઘરે જામશે;
હે હે પ્રભુ દીન એક એ ઔદાર્યથી આપો ખરો—
આ દેશની૦

સોસીયલનો હેતુ

ગઝલ.

અરે જાવો, અરે જાવો, અને નિકટ નહિ આવો,
કરો કંઈ ખ્યાલ ભારતનો, પછીથી આપ સમજાવો.

સાખી.

વક્તા બીજાને આપીયાં, ભાષણ બહુ નિર્ધાર,
મિથ્યા મોઢું દુખવ્યું, નીકળ્યો નહિ કંઈ સાર,
—અરે જાવો૦

ભાષણ કરવા શૂર થઈ કાયર કરવા કાર્ય
દેશ તણા દી શો ફરે, ઉત્તર દેજો આર્ય
અરે જાવો૦

ભણી ભણીને પંડીતો, ખરા બન્યા છો આપ;
થયા આત્મ સંતોષિઆ, તેથી ટળ્યો ન તાપ.
અરે જાવો૦

વિધ વિધ પેરે ઉચ્ચરી, વિસરે જાતાં ઘેર,
બોલેલું પાળે નહિ, ઉદય થાય શી પેર?
દ્રષ્ટાંતો છે ભલભલાં, પહોંચે ચિન જાપાન,
ઘર વાસીદું રે' પડ્યું, કુઅડ રાંડ એ માન.

ભરે સભાઓ પાંચસો, ટળે ન ત્રુટા ચાર;
શીઆળ ખેંચે ગામમાં, શ્વાન ગામમાં ન્હા...

અરે જાગો.૭

પોતે જો સુધરે નહિ, તો સુધરે ક્યમ લોક,
ઘરને સુધાર્યા વિના, દેશ સુધારણ ફોક.

અરે જાગો.૮

હાલના રંગ–દોહરા

વિધવિધ રંગ વિલોકવા, આપણુ ઊતર્યા અત્ર;
ચસિ ભઇની ના થઈ, જવું એટલે તત્ર;
સાંધા દરેક ચીજમાં, અળંગ હસે ન કોય:
દિવસમાં પણ દેખીએ. દીન રાત બે હોય.
લાજતણો ડર સર્વને, મૂરખ નહિ ભાઇ:
પીઠે બાવળ ઉગતાં, કહે છાંયડો થાય.
શાહુકારને લાજછે, રાજાને પણ લાજ;
નિર્લજને લજ્જા નહિ, તેનું નાનું રાજ
સારૂં કે'તાં મૂર્ખને, ઉલટો ચડશે ક્રોધ;
ખાધો માર વિભીષણે, દશરાવણને બોધ.
બાળકરતાં કાળ વિજળી, નિવડશે જગમાંય:
કલમ તણા ગોદા થકી, રાજા રંકજ થાય.
બળથી મારે લાતતો, તે સાલે બે માસ;
પણ લેખીનીથી કરે, આખી ઉમ્મર નાશ.

બોલ ન માને રાય પણ, લેખણ પરવિશ્વાસ,
લેખણુ આપ રાજને, લેખણુ કરશે નાશ,
યોધ્ધો રણમાં ઝુઝશે, સાક્ષર ઝુઝે ઘેર;
તો પણ તેની કિરતિનો ગંધ જશે ચોમેર,
અસી થકી લેખણ ગણી, વિદ્વાને બળવાન;
તેનું કારણુ સમજશે, નર રૂડા ગુણવાન,
ગુણથી ગુણો સાંપડે, દુર્ગુણથી દુર્ગુણ;
વડને ટેટા આવશે, મિષ્ઠ થશે નહિ લુણ.
ભિન્ન જાત સાથે ભળે, જાત બેઉની જાય;
ઘોડી ખર સંગમ થતાં, ખચ્ચર પેદા થાય.
લડતા બે નર હોય ત્યાં; લાભ ત્રિજાને થાય;
મ્હાણુ લોહ લડતા નરો ને પાવક મળીજાય.
જૂનામાં નહિ ભાવને, નવાં નવાંની પ્રીત,
એ રીતે ભપકે વધ્યા, જગના લોક સચીત.
ખાવું પીવું ન્હેરવું, એમાં જેનું ચી-ત;
પરમારથ તે શું કરે, ખરચીને નિજ વી-ત ?
નારીના જે નેનમાં રોજ તણાયો જાય;
તે શું કષ્ટ સહે અને, ભકત પ્રભુનો થાય?
જે જંજાળી જીવડો, અતી અતી લપટાય,
જાળ ઉકેલી નહિ શકે, તે છુટો કયમ થાય?
એક ન છુટે એટલે બીજો ગાંઠ વળાય;

નવ

પુત્ર

ધિકધિ

પુત્ર ૧ ચારે દ્વાર,

માતા અંધારૂં ઘોર,

એથી હલ આવે નહિ દાઝ;

કૃાટય ફરે, સઘળા વિલોકનાર.

વસ્ત્ર ન. ... નાન છે, આ જગમાં આવાર;

"ગ્ન" ધાર રૂદ્દીઆ વિષે, વસ્ત્ર સંગ વ્યવહાર.

આવો બેસો સો કહે, જોપટ ભપકાદાર;

ગુણને નહિ પીછાણશે, એવાં નરનેનાર.

મહીમાં માખણ નીકળે, તેમાં નીકળે છાશ;

જેને ભાવે ચીજ જે, તેને રાખે પાસ.

સજ્જન માખણને ગૃહે, દુર્જન બીજી ચીજ;

ખુશીથી આ જગતમાં, લેને પામે રીઝ.

કસ્તુરીના ગ્રાહકો, દ્રવ્યવાન નર થાય;

પણ નર ઝાઝા હોંશથી, હીંગ ખરિદવા જાય.

સસ્તી ચીજો ના મળે, ગ્રાહક લક્ષ હજાર,

મુલ્યવાનના તો જડે, થોડા ખરીદનાર.

સમાપ્ત.

હમાર ઉરત

પ્ર

ખાશ શીયાળા

ધાતુપુષ્ટીનાં ગોળી

ફક્ત ત્રણ દીવસમાં ફાયદો

બતાવે છે

એટલુંજ નહીં પણ શરીરમાં શક્તી આપી ચહેરાને ખુબસુરત બનાવી શરીરમાં મજબુતી આપેછે માટે વાપરો અને ખાતરી કરો. કી૦ ફકત શીશીના પાંચ આના.

બનાવનાર

વૈદ ધીરજરામ દલપતરામ

દવાખાનું રૂવાળાને ટેકરે ટાંકીની પાસે શુરત.